Extra No. 111

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LII] WEDNESDAY, MAY 4, 2011/VAISAKHA 14, 1933

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IX**

**Gujarati translation of Bills, Acts and Notification other than those published in other Parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૪થી મે, ૨૦૧૧.

તારીખ **૪થી મે, ૨૦૧૧ના** ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૧ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

**આર. એમ. ભાવસાર,**
સરકારના સંયુક્ત સચિવ.

# GUJARAT ACT NO. 21 OF 2011.

## THE GUJARAT LOCAL AUTHORITIES LAWS (AMENDMENT) BILL, 2011.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે ૨૦૧૧ના મે મહિનાની ૩જી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સી. જે. ગોઠી,
સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

# GUJARAT ACT NO. 21 OF 2011.

*AN ACT*

***further to amend the Bombay Provincial Municipal Corporations Act, 1949, the Gujarat Municipalities Act, 1963 and the Gujarat Panchayats Act, 1993.***

## સન ૨૦૧૧નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૨૧.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૧૧ના મે મહિનાની ૪થી તારીખે ''ગુજરાત સરકારી રાજપત્ર''માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો.)

***મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત અધિનિયમ.***

આથી, ભારતના ગણરાજ્યના બાસઠમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

૧. આ અધિનિયમ ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૧ કહેવાશે. *ટૂંકી સંજ્ઞા.*

સન ૧૯૪૯નો મુંબઈનો ૫૯મો. ૨. મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (જેનો આમાં હવે પછી, ''મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨માં, ખંડ (૩૪-ક) પછી, નીચેનો ખંડ દાખલ કરવો :- *સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા અધિનિયમની કલમ ૨નો સુધારો.*

''(૩૪-કક) ''મોબાઈલ ટાવર'' એટલે દૂરસંચાર સેવાઓ (ટેલિકોમ્યુનિકેશન સર્વિસિસ) પૂરી પાડવા માટે જમીન ઉપર અથવા મકાન અથવા ઈમારતના કોઇ ભાગ ઉપર ઊભું કરેલું અથવા સ્થાપેલું કામચલાઉ અથવા કાયમી સ્ટ્રક્ચર (માળખું), સાધનસામગ્રી અથવા ઉપકરણ;''.

૩. મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમમાં, પ્રકરણ ૯માં, કલમ ૧૦૮ પછી, નીચેની કલમ દાખલ કરવી :- *સન ૧૯૪૯ના મુંબઈના ૫૯મા અધિનિયમમાં નવી કલમ ૧૦૮-ક દાખલ કરવા બાબત.*